ફો.પર. (મુદ્દામાલ) અ.નં.૧૮૨૫/૨૦૨૫

<u>નવસારી રૂરલ પો.સ્ટે. પાર્ટ–એ, ગુ.રજી.નં.૧૧૮૨૨૦૨૧૨૫૨૨૭૭/૨૦૨૫, **બી.એન.એસ.ની કલમ–૩૦૩(૨)** મુજબના ગુનાના કામે **અરજદાર મહમદ સાજીદ કાદર શેખ** નો મુદ્દામાલ હોન્ડ મો.સા. એન્ડ સ્કુટર ઈન્ડીયા પ્રા. લી. ની UNICORN જેનો રજી નં. **GJ-05-TL-9504** એન્જીન **નં. KC40EG 3179096** તથા ચેચીસ નં**. ME4KC404GRG178882** પરત મેળવવા માટેની અરજી હેઠળ હુકમ.</u>

---

**૦૧.** ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ–૪૯૭ અન્વયે હાલની અરજી ઉપરોકત મુદામાલ જે ઉપરોકત ગુન્હાના કામે કબજે કરેલ હોય, મુદ્દામાલ નવસારી રૂરલ પોલીસ સ્ટેશનમાં દેખરેખ રાખવાની કોઈ વ્યવસ્થા નથી અને જો સદર મુદ્દામાલ આમ ને આમ બિન વપરાશી હાલતમાં પડી રહે તો વાહનના એન્જીન, સ્પેર–પાર્ટસ તથા ટાયર, ટયુબને નુકશાન થવાની પૂરેપુરી શકયતા રહેલી હોવાનું જણાવી, અરજદાર સદર મુદ્દામાલના એક માત્ર નોંધાયેલા માલિક હોય, હાલની ફરિયાદનો નિર્ણય થવામાં સમય જાય તેમ હોય, તેવા સંજોગોમાં તેઓને વચગાળાના ધોરણે મુદામાલ યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા માટેની માંગણી કરેલ છે.

**૦૨.** વિ.એ.પી.પી.શ્રીએ સદર અરજી લગત કરેલો શેરો વંચાણે લેતા તેમાં તેઓએ જણાવેલ છે કે, ફરીયાદ તથા ચાર્જશીટ તથા મુદ્દામાલ અરજી તથા પુરાવા વંચાણે લેતા સદર મુદ્દામાલ ચોરીના ગુનામાં સંડોવાયેલ હોય, મુદ્દામાલ પરત આપવામાં આવે તો ફરી આવા ચોરીના ગુનામાં ઉપયોગ કરવાની શકયતા રહેલ હોય આરોપીની મુદ્દામાલ અરજી નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

**૦૩.** અરજદારે અરજી સાથે રજૂ કરેલા મુદ્દામાલ પરત્વે અરજદારના આધાર કાર્ડની નકલ તથા આર.સી. બુકની નકલ અરજદારના નામે ઈશ્યુ થયેલા છે. જેથી અરજદારનો યોગ્ય કબજો હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે. જેથી વચગાળાના તબકકે અરજદારને પરત ન આપવા સામે કોઈ હરકત જણાતી નથી.

**૦૪. નામ.સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ૨૦૦૨(૮) સુપ્રિમ ટુ–ડે પાના નં.પર૫** માં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને લક્ષમાં લેતા મુદામાલ તપાસના કામે જરૂરી ન હોય તો પોલીસ કસ્ટડીમાં રાખવુ ના જોઈએ.

**૦૫.** આ કામમાં ઉભયપક્ષોની રજૂઆતો અને નામદાર સર્વોચ્ચ અદાલતના ચૂકાદામાં સ્થાપિત કરવામાં આવેલ ગુણોત્તર અને કેસની હકીકતોને લક્ષમાં લેતા, મુદામાલ જયારે અરજદારના નામે હોય ત્યારે તેવા સંજોગોમા વચગાળા ના ધોરણે તેઓને શરતોને આધિન મુદ્દામાલ પરત સોંપવામાં આવે તો ન્યાય નો હેતુ જળવાશે. વળી, તપાસના કામે મુદ્દામાલની કોઈ આવશ્યકતા હોય તેવુ પણ જણાતુ નથી ત્યારે મુદ્દામાલ પોલીસ કસ્ટડીમાં રાખવો ના જોઈએ. આ સંજોગોમાં હાલનો મુદ્દામાલ પોલીસ સ્ટેશનમાં રાખવો ન્યાયોચિત જણાતુ નથી કે જયારે તેની કસ્ટડી અરજદારે માંગેલી હોય, વળી કેસનો ન્યાયિક નિર્ણય થવામાં સમય જાય તેમ હોય ત્યાં સુધી મુદ્દામાલ પોલીસ કસ્ટડીમાં રાખવુ ન્યાયોચિત જણાતુ નથી, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**// હુ ક મ //**

અરજદારની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

**અરજદાર મહમદ સાજીદ કાદર શેખ** નાઓનો નવસારી રૂરલ પો.સ્ટે. પાર્ટ–એ, ગુ.રજી.નં.૧૧૮૨૨૦૨૧૨૫૨૨૭૭/૨૦૨૫,બી.એન.એસ.ની કલમ– ૩૦૩(૨) મુજબના ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ હોન્ડ મો.સા. એન્ડ સ્કુટર ઈન્ડીયા પ્રા. લી. ની **UNICORN** જેનો રજી નં. **GJ-05-TL-9504 એન્જીન નં.KC40EG3179096 તથા ચેચીસ નં. ME4KC404 GRG178882** છે તે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ કિંમતના દોઢી રકમના બોન્ડ પોલીસ સ્ટેશનમાં રજૂ કર્યેથી વચગાળાની કસ્ટડી સ્વરૂપે અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શ ર તો :–</u>**

**અરજદારે,**

**૦૧.** મુદ્દામાલ કેસનો ન્યાયિક નિર્ણય ના થાય ત્યાં સુધી અન્ય કોઈ વ્યકિતને વેચાણ, ગીરો, બક્ષીસ કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવુ કરાવવુ નહિ.

**૦૨.** આ અદાલત અગર તો અન્ય અદાલત આ ગુનાના કામે જયારે પણ મુદામાલ માંગે ત્યારે અને ત્યાં રજૂ કરવાનો રહેશે.

**૦૩.** મુદામાલ ભવિષ્યમાં ગુનાહિત કામે ઉપયોગ ના થાય તે રીતે ઉપયોગ કરવાનો રહેશે.

**૦૪.** જામીન તથા બોન્ડ પોલીસ સ્ટેશનમાં આપવા તથા તે પેપર ત.ક.અમલદારે ચાર્જશીટ સાથે સામેલ રાખવા અને અત્રેની કોર્ટમાં જમાં કરાવવા.

**૦૫.** ત.ક.અમલદારશ્રીએ મુદ્દામાલ વાહન અરજદારને સોંપતા પહેલા તેના ફોટા પાડી તેને કેસ પેપર સાથે રાખવા તથા તેઓએ સદર ફોટા ઉપર અરજદારની કાઉન્ટર સિગ્નેચર લેવી.

ઉપરોક્ત શરતો પૈકી કોઈ પણ શરતોનો ભંગ થશે તો મુદ્દામાલ જપ્ત કરવામાં આવશે.

આ હુકમની યાદી સબંધિત પોલીસ સ્ટેશનને કરવી.

હુકમ આજ રોજ **તા.૨૪મી, માહે–માર્ચ સને–૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૪/૦૩/૨૦૨૬
નવસારી.

**સહી/–**
**(બી. કે. શાહ)**
ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
નવસારી
કોડ નં.જી.જે.૦૧૪૭૭